ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક:બીકિએનએમયુ/શા.શિ./૩૯૨/૨૦૨૬ તા.૨૦/૧૧/૨૦૨૬

વિષય :- ગુજરાત સ્ટેટ ઈન્ટર યુનિવર્સિટી ગેમ્સ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા બાબત.

સંદર્ભ :- કે.સી.જી. કચેરીના તા.૧૭/૧૧/૨૦૨૬ના પત્ર ક્રમાંક:કેસીજી/૨૦૨૬-૨૭/૧૩૬૨.

પરીપત્ર :-

અત્રેની યુનિવર્સિટી સ્થિત વિવિધ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને ઉક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવામાં આવે છે કે, ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓની ફીટ ઈન્ડિયા મુવમેન્ટમાં સક્રીય ભાગીદારી વધારવા તેમજ કોમનવેલ્થ ગેમ્સ, ઓલમ્પિકસ, ખેલો ઈન્ડિયા, રાષ્ટ્રીય સ્તરની યુનિવર્સિટી ગેમ્સ જેવી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરની રમતગમત સ્પર્ધાઓમાં રાજ્યનું પ્રતિનિધિત્વ વધારવાના હેતુસર, રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ તથા સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સ્તરે સંકલિત રીતે આંતર યુનિવર્સિટી રમતગમત સ્પર્ધાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

ઉક્ત બાબત ધ્યાને લઈ ઉક્ત સ્પર્ધાની વિશેષ ઓળખ ઉભી કરવાના હેતુસર ચાર કેટેગરીમાં સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં Logo, Mascot, Flag તથા Official/Theme Song તૈયાર કરવાનું સામેલ છે. અત્રેની યુનિવર્સિટીના જે વિદ્યાર્થીઓ ઉક્ત સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા હોય તેઓએ તા.૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં પોતાની વિગત આ સાથે સામેલ પત્રમાં આપેલ ઈ-મેઈલ આઈ.ડી. પર મોકલી આપવા જણાવવામાં આવે છે. કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આપની કોલેજના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ઉક્ત સ્પર્ધામાં ભાગ લે તે હેતુથી આ પરીપત્રને આપની કોલેજના નોટીસ બોર્ડ તેમજ કોલેજ ગ્રુપમાં મુકવા યોગ્ય કાર્યવાહી કરવી.

વધુમાં જણાવવાનું કે, ઉક્ત ચાર કેટેગરીની સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી, ૧ થી ૩ નંબરના વિજેતાઓને ઈનામ આપવામાં આવશે. ઉક્ત સ્પર્ધા અંગેની વધુ માહિતી માટે આ સાથે સ્પર્ધાના જરૂરી નિયમો અને શરતો તથા સ્પર્ધામાં રજીસ્ટ્રેશન કરાવવા અંગેનું ફોર્મ સામેલ છે. જેનો અભ્યાસ કરી આપની કૃતિ નિયત સમય મર્યાદામાં મોકલી આપવી.

કુલસચિવ

બિડાણ :-
સંદર્ભ પત્રની નકલ

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ
(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૩) માન્ય સંસ્થાઓના વડાઓ

નકલ સાદર રવાના :-
(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || : nhvedu@bknmu.edu.in

Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

નં.કેસીજી/૨૦૨૬-૨૭/૨૩૬૨ તા.૧૭/૧૧/૨૦૨૬

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી, તમામ સ્ટેટ યુનિવર્સીટી, ગુજરાત રાજ્ય.
આચાર્યશ્રી, તમામ સરકારી કોલેજો, ગુજરાત રાજ્ય
આચાર્યશ્રી, તમામ ગ્રાન્ટ ઇન એઇડ અને સેલ્ફ ફાયનાન્સ કોલેજો, ગુજરાત રાજ્ય

વિષય: ગુજરાત સ્ટેટ ઇન્ટર યુનિવર્સિટી ગેમ્સ (GSIUG) માટે Logo, Mascot, Flag તથા Official Song માટે સ્પર્ધાનું આયોજન કરવા બાબત.

સંદર્ભ: શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજનો ઠરાવ ક્રમાંક: ED/KEF/e-file/3/2026/0534/KH-1.

સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓની ફિટ ઈન્ડિયા મુવમેન્ટમાં સક્રિય ભાગીદારી વધારવા તેમજ કોમનવેલ્થ ગેમ્સ, ઓલમ્પિક્સ, ખેલો ઈન્ડિયા, રાષ્ટ્રીય સ્તરની યુનિવર્સિટી ગેમ્સ જેવી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરની રમતગમત સ્પર્ધાઓમાં રાજ્યનું પ્રતિનિધિત્વ વધારવાના હેતુસર, રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ તથા સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સ્તરે સંકલિત રીતે આંતર યુનિવર્સિટી રમતગમત સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે.

ઉક્ત બાબતે ધ્યાને લઇ Gujarat State Inter University Games (GSIUG) માટે વિશિષ્ટ ઓળખ ઊભી કરવાના હેતુસર Logo, Mascot, Flag તથા Official Song તૈયાર કરવા માટે સ્પર્ધાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આથી, રાજ્યની તમામ ૧૬ સ્ટેટ યુનિવર્સિટીઓને પોતાની યુનિવર્સિટી તથા તેની સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓને નીચેની ચાર કેટેગરીની સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે.

1. Logo Design Competition
2. Mascot Design Competition
3. Flag Design Competition
4. Official/Theme Song Creation Competition

આ સ્પર્ધામાં આપની યુનિવર્સિટી તથા તેની સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધાના નિયમો અને શરતો, પાત્રતા, કૃતિની મૌલિકતા, કૉપિરાઇટ સંબંધિત જોગવાઈઓ તથા મૂલ્યાંકનના માપદંડો અંગેની વિગતવાર માર્ગદર્શિકા આ સાથે સામેલ કરવામાં આવેલ છે. આથી, આપની યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓને સ્પર્ધામાં ભાગ લેવા અંગે જાણ કરી,

તેઓની ડિઝાઇન (કૃતિ) તમામ જરૂરી વિગતો અને દસ્તાવેજો સાથે તા.૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં gsiug-kcg@gujgov.edu.in પર ઈ-મેઇલ મારફતે મોકલી આપવા જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે. વધુમાં, વિદ્યાર્થીઓએ ઈ-મેઇલ મોકલતી વખતે નીચેની બાબતોનું ફરજિયાત પાલન કરવાનું રહેશે:

1. ઈ-મેઇલના Subjectમાં જે કેટેગરીમાં ભાગ લેવાનો હોય તે કેટેગરીનું નામ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે.
2. ઈ-મેઇલ સાથે પોતાની કૃતિ, ભરેલું રજિસ્ટ્રેશન ફોર્મ તથા ચાલુ વર્ષની લેટેસ્ટ ફી રીસીપ્ટ ફરજિયાત એટેચ કરવાની રહેશે.
3. ઈ-મેઇલના લખાણમાં વિદ્યાર્થીએ પોતાનું પૂરું નામ તથા સંપર્ક નંબર (મોબાઇલ નંબર) ફરજિયાત દર્શાવવાનો રહેશે.

વિદ્યાર્થીઓ પાસેથી પ્રાપ્ત થયેલ કૃતિઓનું કેસીજી કચેરી દ્વારા રચવામાં આવનાર સિલેક્શન કમિટી દ્વારા મૂલ્યાંકન કરી દરેક કેટેગરીની શ્રેષ્ઠ કૃતિ પસંદગી કરવામાં આવશે. સ્પર્ધાની ચારેય કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમના વિજેતાઓને નીચે મુજબ ઇનામની રકમ આપવામાં આવશે:

ક્રમ	સ્પર્ધાની કેટેગરી	પ્રથમ ઇનામ	દ્વિતીય ઇનામ	તૃતીય ઇનામ
૧	Logo Design Competition	રૂ. ૧૧,૦૦૦/-	રૂ. ૭,૫૦૦/-	રૂ. ૫,૦૦૦/-
૨	Mascot Design Competition	રૂ. ૧૧,૦૦૦/-	રૂ. ૭,૫૦૦/-	રૂ. ૫,૦૦૦/-
૩	Flag Design Competition	રૂ. ૧૧,૦૦૦/-	રૂ. ૭,૫૦૦/-	રૂ. ૫,૦૦૦/-
૪	Official/Theme Song creation Competition	રૂ. ૨૫,૦૦૦/-	રૂ. ૧૫,૦૦૦/-	રૂ. ૫,૦૦૦/-

આથી, આપની યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે જરૂરી પ્રચાર-પ્રસાર કરીને તેમજ અધ્યાપકો મારફતે વિદ્યાર્થીઓને માહિતી પહોંચે તેવી વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

જોઈન્ટ સી.ઈ.ઓ.
કેસીજી, અમદાવાદ

બીડાણ:

1. Logo, Mascot, Flag તથા Song માટેની સ્પર્ધા અંગેની માર્ગદર્શિકા
2. સ્પર્ધામાં ભાગ લેવા માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ

નકલ રવાના:

કુલપતિશ્રી, તમામ સ્ટેટ યુનિવર્સીટી, ગુજરાત રાજ્ય

ગુજરાત સ્ટેટ ઇન્ટર યુનિવર્સિટી ગેમ્સ (GSIUG)

Logo, Mascot, Flag તથા Song માટેની સ્પર્ધા

નિયમો અને શરતો

ગુજરાત રાજ્યમાં યોજાનારી **Gujarat State Inter University Games (GSIUG)** માટે રાજ્યની યુનિવર્સિટીઓ તથા સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, રમતગમતની ભાવના, ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ અને યુવા શક્તિને પ્રોત્સાહન આપવા માટે **Logo, Mascot, Flag તથા Song** તૈયાર કરવા માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.
આ સ્પર્ધા માટે તૈયાર કરવામાં આવનાર Logo, Mascot, Flag તથા Song ભવિષ્યમાં GSIUGની સત્તાવાર ઓળખ અને વિવિધ રમતગમત કાર્યક્રમોમાં ઉપયોગમાં લેવામાં આવી શકે તે રીતે તૈયાર કરવાના રહેશે.

---

1. સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ

1. GSIUGને રાજ્ય સ્તરની પ્રતિષ્ઠિત આંતર-યુનિવર્સિટી રમતોત્સવ તરીકે ઓળખ આપવી.
2. રમતગમતની ભાવના, એકતા, શિસ્ત, શ્રેષ્ઠતા અને ખેલદિલીને પ્રોત્સાહન આપવું.
3. ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, વારસો, પરંપરા તથા આધુનિક વિકાસને સર્જનાત્મક રીતે રજૂ કરવો.
4. રાજ્યના યુવાનોની સર્જનાત્મકતા અને પ્રતિભાને પ્રોત્સાહન આપવું.
5. GSIUG માટે લાંબા સમય સુધી ઉપયોગમાં લઈ શકાય તેવી વિશિષ્ટ અને યાદગાર **Visual અને Audio Identity** તૈયાર કરવી.

A. LOGO DESIGN COMPETITION

2. Logo માટેની માર્ગદર્શિકા

1. Logoમાં **GSIUG – Gujarat State Inter University Games**ની રમતગમતની ભાવના સ્પષ્ટપણે પ્રતિબિંબિત થવી જોઈએ.
2. Logoમાં નીચેના પૈકીના એક અથવા વધુ તત્વોનું સર્જનાત્મક સંયોજન કરી શકાય:
    - રમતગમત અને ખેલાડી
    - ગુજરાતની ઓળખ
    - એકતા અને વિવિધતા
    - યુવા શક્તિ
    - ગતિ, ઊર્જા અને સિદ્ધિ
    - રમતગમતની જ્યોત/મશાલ
    - ગુજરાતના ઐતિહાસિક, સાંસ્કૃતિક અથવા ભૌગોલિક પ્રતિક.
3. Logo સરળ, આકર્ષક, આધુનિક અને સરળતાથી ઓળખી શકાય તેવો હોવો જોઈએ.

4. Logo **colour તથા black-and-white બંને સ્વરૂપે** અસરકારક દેખાવો જોઈએ.
5. Logo વિવિધ માધ્યમો જેમ કે બેનર, પ્રમાણપત્ર, મેડલ, ટ્રોફી, જર્સી, સોશિયલ મીડિયા, વેબસાઇટ, પ્રિન્ટેડ સામગ્રી વગેરે પર ઉપયોગ કરી શકાય તેવો હોવો જોઈએ.
6. Logoમાં ઉપયોગમાં લેવાયેલ કોઈપણ ચિહ્ન, artwork, photograph, font અથવા graphic અન્ય વ્યક્તિ/સંસ્થાના copyrightનું ઉલ્લંઘન કરતું ન હોવું જોઈએ.
7. Logo સંપૂર્ણપણે **મૂળ (Original)** હોવો આવશ્યક છે.
8. Olympic rings, Common wealth Games logo અથવા અન્ય કોઈ આંતરરાષ્ટ્રીય/રાષ્ટ્રીય રમતોત્સવની સત્તાવાર ઓળખની નકલ અથવા ભ્રામક રીતે સમાન ડિઝાઇન સ્વીકાર્ય રહેશે નહીં.
9. Logoમાં કોઈ રાજકીય પક્ષ, ધાર્મિક પ્રતિક, વ્યક્તિગત પ્રચાર અથવા વિવાદાસ્પદ સામગ્રીનો સમાવેશ ન કરવો.
10. પસંદ થયેલ Logoમાં આયોજક સંસ્થા દ્વારા જરૂરી ફેરફાર/સુધારા કરાવી શકાય છે.

B. MASCOT DESIGN COMPETITION

3. Mascot માટેની માર્ગદર્શિકા

1. Mascot GSIUGની **રમતગમત, યુવા શક્તિ, ઊર્જા, મિત્રતા અને ગુજરાતની ઓળખનું** પ્રતિનિધિત્વ કરતો હોવો જોઈએ.
2. Mascot માટે ગુજરાતની પ્રાકૃતિક, સાંસ્કૃતિક અથવા ઐતિહાસિક ઓળખ ધરાવતા પ્રાણી, પક્ષી, પાત્ર અથવા કલ્પિત પાત્રનો સર્જનાત્મક ઉપયોગ કરી શકાય.
3. Mascotનું નામ પણ સ્પર્ધક દ્વારા સૂચવી શકાય છે.
4. Mascotનું સ્વરૂપ બાળકો, યુવાનો તથા સામાન્ય જનમાનસ માટે આકર્ષક અને સરળતાથી યાદ રહી શકે તેવું હોવું જોઈએ.
5. Mascotમાં કોઈ એક રમતનું પ્રતિનિધિત્વ કરવા કરતાં **બહુવિધ રમતો અને સમગ્ર રમતોત્સવની ભાવના** પ્રતિબિંબિત થાય તે ઇચ્છનીય છે.
6. Mascotનું design 2D તથા 3D બંને સ્વરૂપે ઉપયોગ કરી શકાય તેવું હોવું જોઈએ.
7. Mascotનું design:
    - Logo/brandingમાં
    - Medal/Trophy
    - Jersey
    - Event backdrop
    - Social Media
    - Souvenir
    - Promotional material
    - Merchandise

    વગેરેમાં ઉપયોગ કરી શકાય તેવું હોવું જોઈએ.
8. Mascot સંપૂર્ણપણે મૂળ અને copyright-free હોવું આવશ્યક છે.
9. અન્ય રમતોત્સવ, કંપની, સંસ્થા અથવા અગાઉના Mascotની નકલ માન્ય ગણાશે નહીં.

C. FLAG DESIGN COMPETITION

4. Flag માટેની માર્ગદર્શિકા

1. GSIUG માટેનું Flag રમતોત્સવની **એકતા, ગૌરવ, ખેલદિલી અને ગુજરાતની ઓળખનું** પ્રતિનિધિત્વ કરતું હોવું જોઈએ.
2. Flagનું design સરળ, ગૌરવપૂર્ણ, વિશિષ્ટ અને દૂરથી સરળતાથી ઓળખી શકાય તેવું હોવું જોઈએ.
3. Flagમાં GSIUGનું નામ અથવા સંક્ષિપ્ત નામ **GSIUG** તથા યોગ્ય Symbol/Emblemનો સમાવેશ કરી શકાય.
4. Flag માટે પસંદ કરાયેલા રંગો અને પ્રતિક પાછળ સ્પષ્ટ અને તર્કસંગત અર્થ હોવો જોઈએ.
5. Flagનું design વિવિધ કદમાં ઉપયોગ કરી શકાય તેવું હોવું જોઈએ.
6. Flag:
    - Opening Ceremony
    - Closing Ceremony
    - Medal Ceremony
    - Sports Venues
    - Universities
    - Official Events

    વગેરેમાં ઉપયોગ કરી શકાય તેવું હોવું જોઈએ.
7. Flagનું design કોઈ રાષ્ટ્રીય ધ્વજ, રાજ્ય ધ્વજ અથવા અન્ય આંતરરાષ્ટ્રીય રમતોત્સવના Flagની નકલ/સમાનતા ધરાવતું ન હોવું જોઈએ.
8. રાષ્ટ્રીય પ્રતિક તથા લાગુ પડતા કાયદા/નિયમોનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.
9. Flagમાં રાજકીય, ધાર્મિક અથવા વિવાદાસ્પદ સંદેશનો સમાવેશ ન કરવો.

D. OFFICIAL/THEME SONG CREATION COMPETITION

5. GSIUG Official Song માટેની માર્ગદર્શિકા

1. Songમાં **રમતગમતની ભાવના, યુવા શક્તિ, એકતા, મિત્રતા, શિસ્ત, શ્રેષ્ઠતા અને ગુજરાતનું ગૌરવ** પ્રતિબિંબિત થવું જોઈએ.
2. Song સાંભળવામાં પ્રેરણાદાયી, ઉત્સાહવર્ધક અને સરળતાથી યાદ રહી શકે તેવું હોવું જોઈએ.
3. Song ગુજરાતી ભાષામાં હોવું ઇચ્છનીય રહેશે; જરૂરી હોય તો, ગુજરાતી સાથે હિન્દી/અંગ્રેજીના મર્યાદિત શબ્દોનો સર્જનાત્મક ઉપયોગ કરી શકાશે.
4. Songમાં કોઈપણ વ્યક્તિ, રાજકીય પક્ષ, ધાર્મિક સંસ્થા અથવા વિશિષ્ટ સંસ્થાનો પ્રચાર ન હોવો જોઈએ.
5. Songની Lyrics સંપૂર્ણપણે **Original** હોવી જોઈએ.

6. Music/Composition પણ મૂળ હોવી જોઈએ અથવા તેના ઉપયોગ માટે યોગ્ય અધિકાર ધરાવતા હોવા જોઈએ.
7. અન્ય ગીત, ફિલ્મ, advertisement, sports event anthem અથવા જાણીતા ગીતની નકલ/ધૂનનો ઉપયોગ માન્ય રહેશે નહીં.
8. Songની મહત્તમ લંબાઈ ૩ મિનિટની હોવી જોઈએ.
9. Songમાં એવું સંગીત અને શબ્દો હોવા જોઈએ કે જે:
    - Opening Ceremony
    - Closing Ceremony
    - Medal Ceremony
    - Promotional Videos
    - Official Events

    વગેરેમાં ઉપયોગ કરી શકાય.
10. Songમાં **Mass Singing / Crowd Participation**ને ધ્યાનમાં રાખીને સરળ અને યાદ રહી શકે તેવી મુખ્ય પંક્તિ અથવા Chorus રાખવો ઇચ્છનીય રહેશે.
11. Songમાં ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ તથા રાજ્યની રમતગમતની ભાવનાનો સંતુલિત સમાવેશ થવો જોઈએ.

---

6. Eligibility

1. સ્પર્ધામાં ગુજરાત રાજ્યની તમામ **16 State Universities** તથા તેમની સંલગ્ન કોલેજોના ચાલુ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે
2. Logo, Mascot, Flag અને Song માટે અલગ-અલગ એન્ટ્રીસ રજૂ કરી શકાશે.
3. એક જ સ્પર્ધક દ્વારા એક કેટેગરીમાં માટે એક જ એન્ટ્રી કરવાની રહેશે
4. દરેક એન્ટ્રી સાથે વિદ્યાર્થીનું નામ, યુનિવર્સિટી/કોલેજનું નામ, સંપર્ક વિગતો તથા જરૂરી રજીસ્ટ્રેશન ફોર્મ રજૂ કરવાનું રહેશે.

---

7. Originality and Copyright

1. તમામ એન્ટ્રીસ સંપૂર્ણપણે મૌલિક **(Original)** હોવી જરૂરી છે અને તે ભારતના પ્રવર્તમાન કાયદાઓ, નિયમો અને કાનૂની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી ન હોવી જોઈએ.
2. Internet, AI-generated repositories, stock images, copyrighted music, existing logos, mascots અથવા અન્ય વ્યક્તિની રચનાની સીધી નકલ માન્ય રહેશે નહીં.
3. Copyright infringement અથવા plagiarism અંગે કોઈ ફરિયાદ પ્રાપ્ત થાય તો એન્ટ્રીને સ્પર્ધામાંથી રદ કરવાનો અધિકાર આયોજક પાસે રહેશે.
4. પસંદ થયેલ Logo, Mascot, Flag અને Song અંગે જરૂરી Intellectual Property Rights/Copy rightsના હક્કો કેસીજીના રહેશે અને અન્ય કોઈ વ્યક્તિ/સંસ્થાઓ તેનો ઉપયોગ કરી શકશે નહિ.

---

8. Evaluation Criteria

એન્ટ્રીસનું મૂલ્યાંકન નિમણૂંક કરાયેલ **KCG Selection Committee** દ્વારા કરવામાં આવશે.

Logo / Mascot / Flag માટે:

ક્રમ	મૂલ્યાંકન માપદંડ	ગુણ
1	GSIUG સાથે સુસંગતતા	20
2	ગુજરાતની ઓળખ અને સાંસ્કૃતિક પ્રતિબિંબ	15
3	સર્જનાત્મક અને નવીનીકરણ (Creativity & Innovation)	20
4	દેખાવની સુંદરતા (Visual Appeal)	15
5	મૌલિકતા (Originality)	15
6	વિવિધ માધ્યમોમાં ઉપયોગની ક્ષમતા	15
	કુલ	**100**

Song માટે:

ક્રમ	મૂલ્યાંકન માપદંડ	ગુણ
1	GSIUG સાથે સુસંગતતા	20
2	ગીતના શબ્દો/સંદેશ (Lyrics / Message)	20
3	સર્જનાત્મક અને મૌલિકતા (Creativity & Originality)	20
4	સંગીત રચનાઓ અને પ્રસ્તુતિ (Musical Composition & Presentation)	15
5	પ્રેરણાત્મક અને ભાવનાત્મક પ્રભાવ (Inspirational & Emotional Impact)	15
6	વ્યાપક લોકપ્રિયતા/યાદગાર (Mass Appeal / Memorability)	10
	કુલ	**100**

---

9. Selection Process

1. વિદ્યાર્થીઓ પાસેથી પ્રાપ્ત થયેલ કૃતિઓનું કેસીજી કચેરી દ્વારા રચવામાં આવનાર સિલેક્શન કમિટી દ્વારા મૂલ્યાંકન કરી દરેક કેટેગરીની શ્રેષ્ઠ કૃતિ પસંદગી કરવામાં આવશે
2. સિલેક્શન કમિટીનો નિર્ણય અંતિમ, સર્વસ્વીકાર્ય અને બંધનકર્તા રહેશે.

---

10. Rights of the Organising Authority

1. આયોજક સંસ્થાને પસંદ થયેલ એન્ટ્રીમાં જરૂરી ફેરફાર, સંયોજન, technical, design modifications, અથવા refinement કરવાની સત્તા રહેશે.
2. પસંદ થયેલ Logo, Mascot, Flag અને Songના તમામ હકો કેસીજી કચેરીના રહેશે. અન્ય કોઈ વ્યક્તિ/સંસ્થા તેનો ઉપયોગ કરી શકશે નહિ.

3. પસંદ થયેલ Logo, Mascot, Flag અને Songનો ઉપયોગ GSIUG તથા તેના સંબંધિત કાર્યક્રમો, publications, websites, social media, promotional material, merchandise અને અન્ય સત્તાવાર હેતુઓ માટે કરી શકાશે.
4. કોઈપણ એન્ટ્રી પસંદ કરવી કે ન કરવી તે અંગેનો અંતિમ અધિકાર આયોજક સંસ્થા/સક્ષમ સત્તાધિકારી પાસે રહેશે.
5. સ્પર્ધાના નિયમોમાં જરૂરિયાત મુજબ ફેરફાર, સુધારો, મુલતવીકરણ અથવા રદ કરવાનો અધિકાર આયોજક સંસ્થા પાસે રહેશે.

---

11. Disqualification

નીચેની પરિસ્થિતિમાં એન્ટ્રી રદ કરી શકાશે:

- મૌલિક (ઓરિજીનલ) ન હોય અથવા નકલ (plagiarism) જણાય.
- કોપીરાઈટ/ટ્રેડમાર્કના નિયમોનું ઉલ્લંઘન થતું હોય.
- ખોટી અથવા અધૂરી માહિતી આપવામાં આવી હોય.
- નિર્ધારિત સમયમર્યાદા બાદ એન્ટ્રી પ્રાપ્ત થાય.
- એન્ટ્રીમાં અશ્લીલ, અપમાનજનક, હિંસાત્મક, રાજકીય, ધાર્મિક અથવા ગેરકાયદેસર સામગ્રી હોય.
- અન્ય રમતોત્સવ/સંસ્થા/વ્યક્તિની ઓળખની નકલ કરવામાં આવી હોય.
- આયોજક સંસ્થાના નિયમો અને સૂચનાઓનું પાલન ન કરવામાં આવ્યું હોય.

---

12. Prize Money and Awards

Gujarat State Inter University Games (GSIUG) માટે Logo, Mascot, Flag તથા Song તૈયાર કરવા યોજાનારી સ્પર્ધામાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને પ્રતિભાને પ્રોત્સાહિત કરવા માટે નીચે મુજબની ઇનામની રકમ આપવામાં આવશે:

ક્રમ	સ્પર્ધાની કેટેગરી	પ્રથમ ઇનામ	દ્વિતીય ઇનામ	તૃતીય ઇનામ
૧	Logo Design Competition	રૂ. ૧૧,૦૦૦/-	રૂ. ૭,૫૦૦/-	રૂ. ૫,૦૦૦/-
૨	Mascot Design Competition	રૂ. ૧૧,૦૦૦/-	રૂ. ૭,૫૦૦/-	રૂ. ૫,૦૦૦/-
3	Flag Design Competition	રૂ. ૧૧,૦૦૦/-	રૂ. ૭,૫૦૦/-	રૂ. ૫,૦૦૦/-
૪	Official/Theme Song creation Competition	રૂ. ૨૫,૦૦૦/-	રૂ. ૧૫,૦૦૦/-	રૂ. ૫,૦૦૦/-

1. દરેક કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમની પસંદગી નિમણૂક કરાયેલ સિલેક્શન કમિટી દ્વારા કરવામાં આવશે.
2. ઇનામની રકમ સક્ષમ સત્તાધિકારીની મંજૂરી તથા લાગુ પડતા નિયમો અનુસાર ચૂકવવામાં આવશે.

3. જો કોઈ કેટેગરીમાં યોગ્ય ગુણવત્તાની એન્ટ્રી પ્રાપ્ત ન થાય, તો ઇનામ ન આપવાનો અથવા ઇનામની સંખ્યા ઘટાડવાનો અધિકાર આયોજક સંસ્થા પાસે રહેશે.
4. ઇનામ માટે પસંદ થયેલ સ્પર્ધકે જરૂરી ઓળખપત્રો, બેંક વિગતો તથા અન્ય જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.
5. લાગુ પડતા કરવેરા તથા અન્ય વૈધાનિક કપાતો નિયમો અનુસાર કરવામાં આવશે.
6. પસંદ થયેલ Logo, Mascot, Flag તથા Songના ઉપયોગ અને બૌદ્ધિક સંપદા અધિકારો અંગે આ સ્પર્ધાના અન્ય નિયમો અને શરતો લાગુ પડશે.
7. ઇનામની રકમ અને તેની ચુકવણી અંગે સક્ષમ સત્તાધિકારીનો નિર્ણય અંતિમ રહેશે.

---

13. Declaration by Participant

સ્પર્ધક દ્વારા રજૂ કરવામાં આવતી દરેક એન્ટ્રી સાથે નીચે મુજબનું ડિક્લેરેશન આપવાનું રહેશે:

"I hereby declare that the submitted Logo/Mascot/Flag/Song is my original creation and does not infringe upon any copyright, trademark, intellectual property or other rights of any third party. I further declare that the submitted work does not violate or contravene any applicable laws, rules or regulations in force in India.

I acknowledge and agree that, in the event my submission is selected, all copyrights, intellectual property rights and any other associated rights in the selected work shall vest exclusively with the Knowledge Consortium of Gujarat (KCG). I shall have no objection to KCG using, reproducing, modifying, adapting, publishing, distributing or otherwise utilizing the selected work for any official or other purposes, without requiring any further permission or payment of compensation to me.

I confirm that I have read, understood and agreed to abide by all the rules and conditions of the GSIUG competition, including the above provisions regarding ownership and transfer of rights in the selected work."

---

14. General

આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ "Excellence in Sports, Unity among Universities and Pride of Gujarat"ની ભાવનાને પ્રોત્સાહિત કરવાનો રહેશે. Logo, Mascot, Flag તથા Song માત્ર સ્પર્ધાની entries તરીકે નહીં પરંતુ GSIUGની લાંબા ગાળાની **સત્તાવાર ઓળખ (Official Identity)** તરીકે વિકસાવવામાં આવે તે બાબતને ધ્યાનમાં રાખવાની રહેશે.

સ્પર્ધામાં ભાગ લેનાર વ્યક્તિએ ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો

પ્રત્યેક કેટેગરીની સ્પર્ધા ભાગ લેનારે પોતાની તમામ વિગતો સાથે અલગ અલગ રજીસ્ટ્રેશન ફોર્મ ભરવું.

પોતાની જે તે કેટેગરીની ડીઝાઈન કે રચનાની એક ફાઈલ, રજીસ્ટ્રેશન ફોર્મ ભર્યા બાદની PDF ફાઈલ ચાલુ વર્ષમાં અભ્યાસ કરતા હોય તેની ફી રસીદ અને કોલેજ/યુનિવર્સીટી આઈ.ડી. કાર્ડ કે અન્ય ઓળખનો પુરાવો આ તમામ ડોકયુમેન્ટસ એક કેટેગરી માટે એક સાથે _____ આ ઈ-મેઈલ આઈડીમાં મોકલી આપવાનું રહેશે.

નોંધ: એક સ્પર્ધક એક કેટેગરી માટે એક જ વખત ઈ-મેઈલ કરી શકશે.

GSIUG – 2026-27

LOGO | MASCOT | SONG | FLAG COMPETITION

STUDENT REGISTRATION FORM

1. STUDENT DETAILS

Student Name : _____

Mobile Number : _____ E-mail ID :_____

Residential Address: _____

_____Taluka:_____ District:_____

Gender *: ☐ Male ☐ Female ☐ Transgender

2. UNIVERSITY / COLLEGE DETAILS

Name of University : _____

College / Department Name : _____

Course/Programme : _____

Semester : _____ Roll No : _____

3. COMPETITION DETAILS

Select Competition Category: ☐ Logo Design ☐ Mascot Design ☐ Official/Theme Song ☐ Flag Design

Title / Name of Submission : _____

Brief Description / Concept of Creation :_____

Submission Date: ____ / ____ / _____

Instruction:

1. Each participant shall submit only one entry per category through a single email. Participants wishing to participate in multiple categories must send a separate email for each category, along with the respective entry and required documents
2. The category name must be clearly mentioned in the Subject Line of the email.
3. The email body must mandatorily include the participant's full name and contact number (mobile number).
4. Participants must submit their entries via email to gsiug-kcg@gujgov.edu.in on or before 30/11/2026.

Submission requirements:

- Logo / Mascot / Flag: Provide the design file in PNG format
- Song: Submit the audio file along with lyrics, as prescribed in the competition guidelines.

Documents to be attached with email:

1. Duly filled Registration Form.
2. Original creation (Logo / Mascot / Flag / Song) in the prescribed format as specified in the competition guidelines.

4. DECLARATION

I hereby declare that the submitted Logo/Mascot/Flag/Song is my original creation and does not infringe upon any copyright, trademark, intellectual property or other rights of any third party. I further declare that the submitted work does not violate or contravene any applicable laws, rules or regulations in force in India.

I acknowledge and agree that, in the event my submission is selected, all copyrights, intellectual property rights and any other associated rights in the selected work shall vest exclusively with the Knowledge Consortium of Gujarat (KCG). I shall have no objection to KCG using, reproducing, modifying, adapting, publishing, distributing or otherwise utilizing the selected work for any official or other purposes, without requiring any further permission or payment of compensation to me.

I confirm that I have read, understood and agreed to abide by all the rules and conditions of the GSIUG competition, including the above provisions regarding ownership and transfer of rights in the selected work.

Student Signature: _____	Date: ____ / ____ / _____

Education Department
Government of Gujarat

Knowledge Consortium of Gujarat (KCG)

PRESENTS

GSIUG

GUJARAT STATE INTER UNIVERSITY GAMES 2026

Creative Competitions for the Official Launch of GSIUG

FOUR COMPETITION CATEGORIES

- **Logo Design Competition**
- **Mascot Design Competition**
- **Flag Design Competition**
- **Official/Theme Song Creation Competition**

Who can Participate?

Students currently studying in 16 State Universities of Gujarat and their affiliated colleges.

Last Date for Registration

30/11/2026

Scan for Competition Criteria & Guidelines

Scan for Registration Form

GSIUG 2026

GUJARAT'S BIGGEST INTER UNIVERSITY SPORTS & CULTURAL EVENT